Peace of Mind

Peace of Mind Newsletter

November 1–15, 2026



સમણજી નો સંદેશ

દિવાળી: આશા નો દીપ પ્રગટાવો



આ દિવાળી આપના જીવન ને અંતર શાંતિ,
જ્ઞાન અને કરુણા થી પ્રકાશિત કરે.
ચાલો ખુશી વહેંચીને અને જરૂરરેયાતમંદ ને
આશા આપી ઉજવીએ.

Give Hope - કરુણા નું મિશન

Give Hope એ Peace of Mind Foundation ની સેવા પ્રવૃત્તિ છે, જે ચાર પ્રકાર ના દાન દ્વારા માનવ સેવા માટે સમર્પિત છે:

અન્ન દાન:
જરૂરિયાતમંદ માટે ભોજન

જ્ઞાન દાન:
લાયક વિધાર્થીઓ માટે શિક્ષણ

ઔષધ દાન:
જરૂરિયાતમંદ માટે તબીબી સહાય

અભય દાન:
પશુઓ ની સંભાળ અને રક્ષણ

સમણજી ની સાધના

દર મહિને 15 દિવસ ધ્યાન સાધના

સમણજી દર મહિને 15 દિવસ ધ્યાન અને આધ્યાત્મિક સાધના માટે સમર્પિત કરે છે, અંતર જગૃતિ, મૌન અને આત્મ-સમજ ને આત્મ-સમજ ને પોષણ આપે છે.

સાધના અને સેવા દ્વારા, અમે વધુ કરુણામય વિશ્વ બનાવવાની આશા રાખીએ છીએ.

સેવા, આધ્યાત્મિક વિકાસ અને આશા ની વધુ વાતો આ ન્યૂઝલેટર માં વાંચો.

તમને શાંતિમય અને આનંદમય દિવાળી ની શુભેચ્છાઓ!



આધ્યાત્મિક માર્ગદર્શક
લેખક | વક્તા

કરૂણા નું મિશન

આ વર્ષની આંતરરાષ્ટ્રીય ધર્મ યાત્રા દરમિયાન, કેટલાક દયાળુ લોકો Give Hope Project ને ટેકો આપવા આગળ આવ્યા. આ પહેલના ભાગરૂપે, ત્રણ પરિવારોને ફૂડ કીટ આપવામાં આવી: **શારદાબેન વિરમગામિયા, દર્શનાબેન માંકડ,** અને **રોહિતભાઈ ગોહિલ.** કનૈયાલાલ નામના યુવાનને પણ લેપટોપ ભેટ આપવામાં આવ્યું, જે રાજસ્થાનના આધ્યાત્મ, જે **રાજસ્થાનના આધ્યાત્મિક સંસ્થા સંબોધિ ઉપવનમાં સેવા આપશે.** દયા અને કરૂણાની ભાવનાથી આ પ્રકારની સહાય વ્યવહારિક મદદ, ગૌરવ અને ઉજ્જવળ આવતીકાલ માટે આશાનું પ્રતિક છે.

નાના પગલાં મોટા પરિવર્તન લાવે છે!



ફૂડ કીટ સહાય -
શારદાબેન વિરમગામિયા



ફૂડ કીટ સહાય -
દર્શનાબેન માંકડ



ફૂડ કીટ સહાય -
રોહિતભાઈ ગોહિલ



સેવા માટે લેપટોપ સહાય -
કનૈયાલાલ

સાથે મળીને આશા ફેલાવીએ...

કારણ કે દયા જીવનને બદલવાની શક્તિ ધરાવે છે.

પેડલ પર પાઠશાળા - શિક્ષણ અને સેવા ની યાત્રા

શાંતિમન



આધ્યાત્મિક માર્ગદર્શક
લેખક | વક્તા

ઓક્ટોબર 17-27, 2026

પેડલ પર પાઠશાળા - ઘુમલી થી ગાંધીનગર સુધી ની યાત્રા

ઘુમલી થી ગાંધીનગર સુધીની આ પ્રેરણાત્મક "પેડલ પર પાઠશાળા" સાઇકલ યાત્રામાં 25 તપોવનના બાળકો અને 5 ટીમ સભ્યો જોડાયા. આ યાત્રા માત્ર શારીરિક પ્રવાસ નહીં પણ સ્વનિર્ભરતા, શિસ્ત, ટીમવર્ક અને વર્ગખંડની બહારના શિક્ષણનો અર્થપૂર્ણ અને અસરકારક અનુભવ રહી. બાળકોએ માર્ગમાં આવતી કઠિનતાઓને હસતાં હસતાં સ્વીકારી, નવી વાતો શીખી અને સેવા ભાવથી આગળ વધ્યા.

ગાંધીનગર માં પદવી સમારોહ

ગાંધીનગર ખાતે ચાર વર્ષની શૈક્ષણિક અને વ્યક્તિગત વિકાસની યાત્રા પૂર્ણ કરનાર બાળકો માટે ભવ્ય પદવી સમારોહનું આયોજન કરવામાં આવ્યું. આ અવસર ઉત્સાહ અને ગૌરવથી ભરેલો રહ્યો, જ્યાં બાળકોની મહેનત, વિકાસ અને ઉપલબ્ધિઓને બિરદાવવામાં આવી. સમગ્ર સમારોહ સમજ, જાગૃતિ અને જ્ઞાનના માધ્યમથી ભવિષ્યની જીવનયાત્રા માટે પ્રેરણા આપતો રહ્યો.



વાલી માટે વિશેષ શિબિર - રસ્તો મળશે!
ઘુમલી થી ગાંધીનગર



પદવી સમારોહ - ગૌરવ સન્માન સમારોહ
2026

ગાંધીનગર સ્થિત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે તપોવનના વાલીઓ માટે બે દિવસીય નિવાસી શિબિરનું આયોજન કરવામાં આવ્યું. આ શિબિર આધ્યાત્મિક માર્ગદર્શક સામન શ્રુતપ્રજ્ઞજીના માર્ગદર્શન હેઠળ "રસ્તો મળશે!" થીમ પર યોજાઈ, જેમાં વાલીઓને બાળકોના વિકાસ, સંસ્કાર અને જીવન મૂલ્યો વિશે પ્રેરણાત્મક સત્રો દ્વારા માર્ગદર્શન મળ્યું.



વાલી માટે વિશેષ શિબિર - રસ્તો મળશે!
ઘુમલી થી ગાંધીનગર



સન્માન સમારોહ - પ્રમાણપત્ર વિતરણ

સાથે મળીને શીખીએ, વધીએ અને સેવા કરીએ...
કારણ કે દરેક યાત્રા એક પેડલ થી શરૂ થાય છે.

Peace of Mind
Peace of Mind Newsletter
November 1–15, 2026



સાંબોધિ ઉપવન માં Give Hope - કરુણા ની ભેટ

કરુણા ની ભેટ

સાંબોધિ ઉપવન ની ગૌશાળા ખાતે કરુણા અને સેવા નો અનુભવ થયો. સમાનજીના આંતરરાષ્ટ્રીયા આધ્યાત્મિક યાત્રા દરમ્યાન અનેક દાતાઓએ ગૌ-સેવા માટે ઉદારતાથી યોગદાન આપ્યું. સાંબોધિ ઉપવન, રાજસ્થાન ની ગૌશાળા માં ગાયોને પ્રેમપૂર્વક ચારા અને પાણી અર્પણ કરવામાં આવ્યું. સ્વ. સરોજબેન શાહ ના 100મા જન્મદિવસ નિમિત્તે તેમના પરિવાર, અંજના-જગદીશભાઈ શાહ પરિવાર, શિકાગો તરફથી દાન મળ્યું. દ્વારા તમામ જીવો પ્રત્યે દયા, કૃપા અને કરુણા નો સંદેશ ફેલાયો. ગૌ-સેવા એ આપણી સંસ્કૃતિ નો પવિત્ર ભાગ છે, જે

જીવમાત્ર ને સુરક્ષા અને સંભાળ આપે છે
સંભાળ આપે છે.









ધ્યાન અને મૌન –

સાંબોધિ ઉપવન, રાજસ્થાન માં આંતરયાત્રા નું એક સપાહ

ઓક્ટોબર 28 – નવેમ્બર 2, 2026

સાંબોધિ ઉપવન, રાજસ્થાન ખાતે સમાનજી એ એક સપ્તાહ મૌન અને ધ્યાન માં પસાર કર્યું. નાથ નાથદ્વારા નજીક શાંત પ્રકૃતિ વચ્ચે આંતરયાત્રા નો અનુભવ થયો. કેટલાક સાધકો પણ આ યાત્રા માં જોડાયા અને સામૂહિક ધ્યાન, શાંતિ તથા સ્વ-ચિંતન માં સમય વિતાવ્યો. મન શાંત કરી અંદરની શાંતિ ને અનુભવવાની આ તક ખૂબ પ્રેરણાદાયી રહી. સૌએ સાથે મળીને ધ્યાન સાધના કરી અને આંતરિક જાગૃતિ નો અનુભવ કર્યો.











ચાર-દિવસીય મૌન ધ્યાન શિબિર અને આનંદ ના ક્ષણો



માનવ મંદિર, બીદડા (કચ્છ) | ઓક્ટોબર 14-17, 2026

માનવ મંદિર, બીદડા ખાતે ચાર-દિવસીય મૌન ધ્યાન શિબિર

સમણજી એ પૂજ્ય દિનેશ મુનિ મહારાજ સાહેબ થી પ્રેરિત થઈ ને માંડવી નજીક આવેલ માનવ મંદિર, બીદડા ખાતે ચાર દિવસ મૌન અને ધ્યાનમાં વિતાવ્યા. શાંત પ્રાકૃતિક સૌંદર્યથી ઘેરાયેલ, તેમણે દરરોજ ચાર ધ્યાન સત્રો, યોગ અને શાંતિપૂર્ણ સહેલ નો આનંદ માણ્યો. આ અંદરની સુંદર યાત્રા હતી, જે મૌન અને સ્થિરતાથી ભરેલી હતી.



મૌન ધ્યાન - અંદર ની યાત્રા

સર્વોદય હોસ્પિટલ, બીદડા ની મુલાકાત

કચ્છની મુલાકાત દરમિયાન, સમણજી એ સર્વોદય હોસ્પિટલ, બીદડા ની પણ મુલાકાત લીધી. ચેરમેન શ્રી વિજયભાઈ છેડા એ જાતે તેમને હોસ્પિટલ બતાવી, તેની વિવિધ સેવાઓ અને હજારો લોકોને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવા પૂરી પાડવામાં તેના યોગદાન વિશે સમજાવ્યું.

દશેરા નો આનંદ - રમ્ય રેડીમેડ શોપ નું ઉદ્ઘાટન, ભુજ

દશેરાના શુભ અવસરે, સમણજી એ ભુજમાં રમ્ય રેડીમેડ શોપનું ઉદ્ઘાટન કર્યું અને નવા સાહસ માટે પરિવારને શુભ આશિષ આપ્યા.



માનવ મંદિર પ્રવેશ દ્વાર, બીદડા, કચ્છ



સર્વોદય હોસ્પિટલ ખાતે ચેરમેન શ્રી વિજયભાઈ છેડા સાથે



દશેરા એ રમ્ય રેડીમેડ શોપનું ઉદ્ઘાટન, ભુજ

Peace of Mind

Peace of Mind Newsletter

November 1–15, 2026



સમણ શ્રુતપ્રજ્ઞજીનો આગામી કાર્યક્રમ

Nov 3–8:
વ્યક્તિગત સાધના અને લેખન (રાજકોટ)

Nov 9–14:
તપોવન વિદ્યાર્થીઓ સાથે સમય અને વ્યક્તિગત ધ્યાન (ભાણવડ)

Nov 15–21:
વ્યક્તિગત ધ્યાન શિબિર (રાજકોટ)

Nov 22–28:
વ્યક્તિગત સાધના અને લેખન (રાજકોટ)



સમાધાન કે બળવો - વચ્ચે કોઈ રસ્તો નથી

સમાજ અને પરિવારના દબાણમાં આવીને તમે જીવનના દરેક વળાંક પર સમાધાન કરો છો — ક્યારેક નોકરીને લઈને, ક્યારેક લગ્નને લઈને, ક્યારેક મિત્રતા અને ક્યારેક ધંધાને લઈને.

અને પછી ચુપચાપ અંદર ને અંદર ઘૂંટાયા કરો છો કે તમે તમારી જિંદગી બરબાદ કરી નાખી.

જુઓ, સમાધાન કરવું જ છે તો રડી-રડીને ન કરો. તેને ભાનથી, સમજદારીથી, પૂરી સ્વીકૃતિથી કરો અને જો સમાધાન મંજૂર ન હોય, તો બળવો કરવાની હિંમત ભેગી કરો, વિરોધ કરવાનો જુસ્સો લાવો.

અડધા-અધૂરા મનથી જીવવું અને દરેક વાતમાં મૂંઝાવું — માણસને અંદરથી સડાવી દે છે.

— Author / Samanji

Peace of Mind